# પ્રજા હવામાનથી ત્રસ્ત



સારાંશ
★વિન્સી મરચન્ટ

ગાલીબની ભાષામાં કહીએ તો વરસાદ આવે છે, પણ આવતો નથી. આ દુકાળમાં અધિક માસ હમણા પૂરો થયો, પરંતુ લોકોની વ્યથામાં અયોધ્યા મંદિર લૂંટાફાટની ઘટનાથી અભૂતપૂર્વ વધારો થયો છે. કરોડો લોકો વ્યથિત, નિરાશ અને ઉદાસ બની ગયા છે? રક્ષકો જ ભક્ષકો બને? આ દેશનું નીતિમત્તાનું પોત આટલું જર્જરિત ગંદુ શા માટે છે? જેઓ લૂંટારાઓના પુરસ્કર્તા છે તેઓ વિશ્વગુરુ નામક નવું અફીણ રજૂ કરીને શું કરવા માગે છે? ક્યાં જવા માગે છે? તેઓની ચાલ સમજવી મુશ્કેલ નથી, પણ એ પકડમાંથી છૂટવાનું મુશ્કેલ બની ગયું છે. આ લખનારનું મન આજે ઉદાસ અને વ્યથિત છે.

આ લખાઈ રહ્યું છે ત્યારબાદ અયોધ્યા પ્રકરણ પર નિમાયેલી એસઆઈટીનો આખરી રિપોર્ટ આવવાનો બાકી હતો તેથી વધુ અને સાચી નુકતેચીની ત્યારબાદ જ થઈ શકે. શક્ય છે કે બુધવાર સુધીમાં વરસાદ સંતોષજનક માત્રામાં આવી જાય. આ હતાશાના ઉકળાટમાં તેની ખાસ જરૂર છે.

દર ઉનાળામાં લોકો ફરિયાદ કરતા હોય છે કે આ વરસે સૌથી વધુ ગરમી પડી. એમની આ ફરિયાદ અગાઉના વરસોમાં ક્યારેક હકીકત અને ક્યારેક ધારણા હતી. લોકો પાસે ગરમી માપવાનાં યંત્રો હોતાં નથી, પરંતુ આ વરસે તેઓ સાચા છે. ગરમીના અગાઉના તમામ રેકોર્ડ આ વરસે તોડી પાડ્યા છે. જે લોકો ઘરે બેસીને, પૂરતા જ્ઞાન વગર હવામાન શાસ્ત્રીઓ બની બેઠા હતા તેઓને પણ જૂઠ્ઠા અથવા ફેક હવામાન શાસ્ત્રીઓ પુરવાર કર્યાં છે. તેઓએ જૂનની પંદરમી સુધીમાં ચોમાસું સંતોષજનક રીતે બેસી જશે તેવી આગાહી કરી હતી. લોકો વિજ્ઞાનની વાતો જલ્દીથી સ્વીકારતાં નથી. (જો કે વિજ્ઞાને આપેલી તમામ ટેકનોલોજીઓ સાથે લઈને ફરતા હોય છે) તેથી આ માઠી દશા બેઠી છે. વૃક્ષો, જંગલો કાપી નાખ્યા અને હજુ કપાઈ રહ્યાં છે, ધુમાડો વધારી દીધો છે, વસતિ પર નિયંત્રણ રાખ્યું નથી. માટે આ આફત આમંત્રણ આપીને બોલાવેલી છે.

એપ્રિલના અંત ભાગમાં અને મે મહિનાના પ્રારંભમાં ભારતમાં હીટવેવ આવી ગયું પણ પ્રજાને તો હમણાં સુધી તે ખતમ થયાનો અહેસાસ જ થયો ન હતો. હીટવેવ દરમિયાન ઉત્તરપ્રદેશના બાંદા શહેરમાં ૪૯ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન નોંધાયું તે ૪૭ થી ૪૯ ડિગ્રી વચ્ચે ઘણા દિવસો સુધી રહ્યું. ભારતના અન્ય શહેરોમાં પણ તાપમાન બાંદાની નજીક નોંધાયું હતું. પરંતુ આજ સુધીના ઇતિહાસમાં ભારતમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના ફલોદીમાં ૨૦૧૬માં ૫૧ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાઈ હતી. એ વખતે મહારાષ્ટ્રના આકોલા અને નાગપુરમાં ૫૧ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. આ વરસે હીટવેવ દરમિયાન સૌરાષ્ટ્ર, ગુજરાતનું સુરેન્દ્રનગર શહેર ૪૪.૫ ડિગ્રી સાથે સૌથી વધુ ગરમ રહ્યું હતું. ત્યારે, એટલે કે એપ્રિલમાં અમદાવાદમાં સહેજ ઓછું, ૪૩.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

દુનિયાના તાપમાનના આ વરસના આંકડા મુજબ દુનિયાના સૌથી વધુ ગરમ શહેરોમાં ૯૫ શહેરો ભારતના રહ્યા હતા. ભારત એટલે કે દુનિયાનો સૌથી વધુ ગરમ દેશ. આ યાદીમાં અખાતના અને આફ્રિકાના અમુક નાના દેશો પણ આવે છે. ધી ઇકોનોમિસ્ટ સાપ્તાહિકે ભવિષ્ય ભાખ્યું છે કે હવે પછી ભારતનું ભવિષ્ય એર-કન્ડીશનર્સના આધારે ટકશે. સારી વાત એ છે કે એસી મશીનો પણ આટલી ગરમીમાં બિમાર પાડી દે છે. આફ્રિકાના સહારા રણ નજીકના દેશોનું સરેરાશ વાર્ષિક તાપમાન ત્રીસ ડિગ્રીની આસપાસ રહે છે, પરંતુ ત્યાં ઠંડી ઓછી પડે છે, સરખામણીમાં ભારતમાં વધુ પડે છે. તેથી ભારતનું સરેરાશ વાર્ષિક તાપમાન ૨૫.૪૩ ડિગ્રીની આસપાસ નોંધાય છે. પણ શું હવે તે ઉત્તરોત્તર વધતું જશે? ક્યાં જઈને અટકશે?

માત્ર છેલ્લા દસ વરસમાં ભારતનું સરેરાશ વાર્ષિક તાપમાનમાં ૦.૯ સેન્ટીગ્રેડનો વધારો થયો છે. આખા વર્ષ માટે લગભગ એક ડિગ્રી જેટલો વધારો ઓછો ન ગણાય બલ્કે લાલ ઝંડી સમાન છે. છેલ્લા પંદર વરસમાંના દસ વરસ ખૂબ ગરમ નોંધાયા છે. ૧૯૫૦ અગાઉ કોઈક દિવસે સૌથી ગરમ તાપમાન નોંધાયું હતું તેમાં હવે દોઢથી બે ડિગ્રી સેન્ટીગ્રેડનો વધારો થયો છે. આ સૌથી ગંભીર હકીકત છે. આટલો વધારો પૃથ્વી, તેના પરના પ્રાણીઓ, જીવજંતુઓ, પાણી અને આબોહવાની વ્યવસ્થાને તહસ-નહસ કરી નાખે. જે ઝડપે ગરમી વધશે તેની અગાઉ જે ભવિષ્યવાણી વિજ્ઞાને કરી હતી તે પણ ખોટી પડી છે. પૃથ્વીના વાતાવરણની બહાર કશા ફેરફારો થયા નથી, જે થયા તે આપણે માનવોએ જ કર્યા છે તેનું આ પરિણામ છે. આજથી પચાસ વરસ બાદ સરેરાશ તાપમાન જ્યાં પહોંચવાની ગણતરી ધારણા હતી આ ત્યાં આજે જ પહોંચી ગયું છે.

**લાગે છે કે દુનિયાની આબોહવા સામે આખી માનવજાત અલ નિન્યો એટલે કે બાળકની માફક વરતી રહી છે**

પંજાબના મોગા જિલ્લાના ખેડૂત મનદીપ સિંહનો દાખલો લો તો એમણે 28 હેક્ટર જમીન પર ઘઉં વાવ્યા હતા તેમાંથી 35 ટકા જેટલો પાક બગડી ગયો. એમનું કહેવું છે કે કમોસમી વરસાદ કરતાં ફેબ્રુઆરીમાં વધારે ગરમી પડી તે ઘઉંને માફક ન આવી અને તેથી વધુ નુકસાન થયું. હીટવેવ ભલભલાં માણસોને મારી નાખે, તળાવોમાં પાણી વધુ ગરમ થવાથી માછલાં અને બીજા જીવો મરણ પામે. ગાયો, ભેંસો, બળદ વગેરેને લૂ લાગી જાય, ડિહાઈડ્રેશન થઈ જાય અને મરણ પામે. ઊનાળામાં પાણીની તંગી પણ હોય. નવાઈની વાત એ છે કે આપણા દેશમાં ત્રીસ ડીગ્રી જેટલું ઉષ્ણતામાન થાય અને આપણને ગરમીનો અહેસાસ થવા માંડે છે, પરંતુ જ્યાં શિયાળામાં માઈનસ પચાસથી સાઠ ડીગ્રી તાપમાન અને માત્ર બરફ જ છવાયેલો રહે છે તે ઉત્તર ધ્રુવ આર્કટિક વર્તુળમાં ઊનાળાનું તાપમાન ત્રીસેક ડીગ્રી સેન્ટીગ્રેડ સુધી પહોંચી જાય છે. તેને પરિણામે બરફ પીગળવાની અને સમુદ્રના પાણીના સ્તર ઊંચે જવાની વળી એક અલગ કહાણી છે. એ સ્થિતિમાં ત્યાંના સફેદ રીંછ વગેરેને ખોરાક મળતો નથી અને ભૂખ્યા મરણ પામે છે. માછલીઓ તરફડીને મરણ પામે છે. રશિયા અને ચીનને હવે તેમાંથી સમુદ્રી માર્ગ મળી રહ્યો છે અને તેથી ખુશ છે, પણ એક દિવસ પૃથ્વીના લોકો માટે તે જીવલેણ સાબિત થશે તે સમજાતું નથી. જો આવી જ સ્થિતિ રહેશે તો રશિયામાં પણ ઘઉંની ઉપજમાં ઓટ આવશે. ઘઉં વાવવાથી માંડીને દાણો બરાબર ભરાય ત્યાં સુધી તેને બરાબર ઠંડી જોઈએ. પણ આ વરસે ફેબ્રુઆરીમાં અચાનક ઊનાળો શરૂ થઈ ગયો. આ વરસના જાન્યુઆરીમાં ઉત્તર ભારતમાં 24 શીત લહેરો અને ઠંડીના દિવસો નોંધાયા હતા પરંતુ ફેબ્રુઆરીમાં એક પણ દિવસ ઠંડી ન પડી. તેના પરથી એ અનુમાન થયું કે આ વરસનો ઊનાળો સખત રહેશે. માર્ચ એપ્રિલ 2022માં પણ આ પ્રકારની હિટવેવ આવી હતી અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ઈકાર) દ્વારા તેનું પૃથ્થકરણ કરાયું હતું. તેના થકી સંસ્થાએ આગાહી કરી હતી કે વિષમ આબોહવાની ઘટનાઓ હવે વારંવાર ઘટતી રહેશે અને તેની વિષમતા પણ ઉત્તરોત્તર વધતી રહેશે. ફેબ્રુઆરીની ગરમીને લીધે પંજાબમાં બટેટાનો પાક પણ જમીનમાં સડવા લાગ્યો હતો. પચાસ કિલોની એક બેગના માત્ર સો રૂપિયા ઉપજ્યા. બે રૂપિયે કિલોના ભાવ હિસાબે. જ્યારે પચાસ કિલો પકાવવા પાછળ બસ્સોથી અઢીસો રૂપિયાનો ખર્ચ થતો હોય છે.

ચોમાસુ શરૂ થવાના દિવસોની અચોક્કસતા પણ વધી ગઈ છે. પરિણામે ઘણી વખત પાક જરૂર કરતા વહેલો અને ક્યારેક મજબૂરીથી મોડો વાવવો પડે છે. આ બંને સ્થિતિ ઊપજ માટે સારી નથી. ગયું ચોમાસું ખૂબ લાંબુ ચાલ્યું તો ખેતરોમાં ઊભેલો તૈયાર માલ બગડી ગયો. આન્ધ્ર, તેલંગાણાના ખેડૂતોને પણ અનિયમિત ચોમાસાની સ્થિતિ ખૂબ પજવે છે. ઘણી વખત માવઠું છે કે ચોમાસાની શરૂઆત છે તે નક્કી થઈ શકતું નથી. ઘણા વિસ્તારના ખેડૂતો હવે અન્ય પાકો તરફ વળ્યા છે. હવામાનની અગાઉથી વધુ લાંબા સમય અગાઉથી થઈ શકે તો ખેડૂતોને માર્ગદર્શન આપી શકાય પણ તે હજી શક્ય બન્યું નથી. ત્રણ મહિના અગાઉ કેમ કહેવું કે અમુક દિવસે બરફ પડશે. પરંતુ આ તકલીફનો ઉપાય ઈકાર દ્વારા શોધવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગમે તેવા કઠોર હવામાનમાં પણ ટકી શકે એવી બિયારણની જાતો તૈયાર કરવામાં આવી રહી છે. વલસાડની હાફૂસ કેરી વધુ ગરમી સહન કરી શકતી નથી. છેલ્લા દસ બાર વરસથી ગરમીને કારણે તેમાં ગાંઠો પડી જાય છે, પરંતુ કેસર બરાબર પાકે છે. ખેડૂતો હવે કેસર વાવવા તરફ વળ્યા છે.

એવી કોઈ ચીજ, વસ્તુ કે વ્યવસ્થા નથી જેને માણસે છંછેડીને વિકૃત બનાવી નથી. સ્પેનિશ ભાષામાં અલ નિન્યો એટલે નાનકડો છોકરો અને લા નિન્યા એટલે નાનકડી છોકરી એવો અર્થ થાય. લાગે છે કે દુનિયાની આબોહવા સામે આખી માનવજાત અલ નિન્યો એટલે કે બાળકની માફક વરતી રહી છે. સૌથી મોટો અલ નિન્યો તો માનવી પોતે જ છે.

